ગાંધીનગર સમાચાર
તા. ૧-૩-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

બિહારમાં મુક્ત રાજકીય વિહાર : નેતાઓ માટે અસ્તિત્વની લડાઈ

આગામી લોકસભાની ચૂંટણીમાં બિહારની ચાળીસ બેઠકો નિર્ણાયક બની રહેવાની સંભાવના છે. બિહારમાંથી છૂટા પડેલા વનવિસ્તાર અને ખનિજ સમૃદ્ધ ઝારખંડની ચૌદ બેઠકો ઉમેરીએ તો સરવાળો ચોપ્પન પર પહોંચે. આ ચોપ્પન બેઠકો અને ઉત્તરપ્રદેશ તથા ઉત્તરાખંડની પંચ્યાશી બેઠકો દેશનું ભવિષ્ય નક્કી કરતી રહી છે. આજ પર્યંત હિંદી પટ્ટો જ કેન્દ્ર સરકારમાં હાવી રહેતો આવ્યો છે. ઉત્તર પ્રદેશમાં મજબૂત પ્રાદેશિક પક્ષો સામે ક્યારેક કોંગ્રેસ તો ક્યારેક ભાજપ ઝીંક ઝીલતાં રહ્યાં છે, પરંતુ બિહારમાં તો પૂરાં પંદર વર્ષ 'લાલુવાળી' ચાલી અને એ પછી જનતા દળ(યુ)ની અને ભાજપની સંયુક્ત સરકાર ચાલી. છેલ્લે નરેન્દ્ર મોદીના મુદ્દે જ જદ(યુ)એ ઍનડીએ સાથે છેડો ફાડી નાખતાં બિહાર નીતીશ, લાલુ પ્રદાસ અને નામશેષ થઈ ગયેલા દલિત નેતા રામવિલાસ પાસવાન ઉપરાંત ભાજપ માટે અસ્તિત્વની લડાઈનું રણમેદાન બની ગયેલ છે. નીતીશકુમારના વિકાસ મોડેલને નરેન્દ્ર મોદીના ગુજરાત મોડેલ કરતાં ચડિયાતું ગણાવનારા લાલકૃષ્ણ અડવાણી અને સુષમા સ્વરાજ પોતાના જ પક્ષમાં હાંસિયે ધકેલાઈ ગયાં છે. બિહારમાં ભાજપ એકલા હાથે ચૂંટણી લડી શકે એવી સ્થિતિ નહીં હોવાથી એ કોઈ પ્રાદેશિક પરિબળની શોધમાં હતું. આખરે એને રામવિલાસ પાસવાનની લોક જનશક્તિનો સધિયારો મળી ગયો છે. આમ જુઓ તો પાસવાનનો પક્ષ એ ઘરઘરના નેતાઓને આડીઅવળી ગોઠવણ કરી ઠેકાણે પાડવા માગતું હેસિયતવિહાણું સંગઠન છે. ફક્ત દલિત કાર્ડ એ જ એમની અસ્કામત છે. અગાઉ ક્યારેક હાજીપુરની સંસદની બેઠક પરથી દેશ આખામાં સૌથી મોટા માર્જિનથી ચૂંટાયેલા પાસવાનનો પક્ષ ગત ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં એક પણ બેઠક મેળવી શક્યો નહોતો. છેલ્લે એમનું લાલુપ્રસાદ યાદવ અને કોંગ્રેસ સાથે જોડાણ હતું. રામવિલાસએ જોડાણ ચાલુ રાખવા પણ માગતા હતા. નરેન્દ્ર મોદીના ૨૦૦૨ના તથાકથિત 'નરસંહાર'ના મુદ્દે બાર વર્ષ પૂર્વે એમણે ઍનડીએ અને વાજપેયી સરકારનું મંત્રીપદું માથામાંથી જૂ કાઢીને ફેંકી દેતા હોય એમ ફેંકી દીધેલું. એમની મજબૂરી તો જુઓ! થૂંકેલું ચાટીને હવે એ જ મોદીને વડાપ્રધાન માગતા ભાજપ સાથે ફરી જોડાવું પડ્યું છે! એમને કોંગ્રેસ અને લાલુ યાદવે કોઈ નહીં આપ્યું એથી એમને નવા સાથીની શોધ કરવી પડી હોવાની નિખાલસ કબૂલાત કરનારા રામવિસાલ પાસવાન બિહારના સ્થાનિક ભાજપીઓને આંખના કણાની જેમ ખૂંચી રહ્યા છે. પરંતુ ભાજપનું હાઈકમાંડ અને સવિશેષ નરેન્દ્ર મોદી ઈચ્છે છે કે કોઈપણ ભોગે 'ઍનડીએ'નો કરમાઈ ગયેલો પરિવાર પુનઃ ફાલેફૂલે. એમને 'અસ્પૃશ્ય' ગણી ઍનડીએ સાથે સંબંધ વિચ્છેદ કરનારા પાસવાનના પરત ફરવાથી ભાજપને કેટલો ફાયદો થશે તે કહેવું મુશ્કેલ છે પરંતુ ચૂંટણી ટાણે એને સાંપડેલ મનોવૈજ્ઞાનિક સર્પોટનું મૂલ્ય ઓછું ન જ આંકી શકાય. નુકસાનની રૂએ એટલું જ કે કોંગ્રેસને વંશવાદના મુદ્દે અહર્નિશ ભાંડનારા મોદીને જે પ્રાદેશિક પાર્ટીઓનું સમર્થન સાંપડી રહ્યું છે તે હાડોહાડ વંશવાદી છે. શિવસેના ઠાકરે પરિવારની જાગીર છે એમ પંજાબનું અકાલી દળ એ બાદલ પરિવારની પાર્ટી છે. રામવિલાસ પાસવાન 'મહાદલિત' ગણાતી પાસવાન જાતિના છે, એમની આ 'મહાદલિત' ઓળખ ભાજપના સહયોગથી ચાલતી જદ(યુ) સરકારે જ સમાપ્ત કરી હતી. પરંતુ પાસવાનના ફાળે જતી સાત લોકસભાની બેઠકો પર જે ઉમેદવાર ચૂંટણી લડવાના છે તેમાં ત્રણ તો પાસવાન-પરિવારના જ સભ્યો છે. બે બેઠકો બાહુબલી સૂરજભાનસિંહના પરિવારને ફાળવાઈ છે! નીતીશકુમાર બિહારના વિકાસ પુરુષ છે એમાં બે મત નથી, પરંતુ ભાજપ સાથે છેડો ફાડ્યા પછી એ સતત અવનવી સમસ્યાઓથી ઘેરાતા રહ્યા છે. છેલ્લે એમને પાર્ટીના વરિષ્ઠ નેતા શિવાનંદ તિવારી સહિત પાંચ સાંસદોને રુખસદ આપવાની ફરજ પડી છે. લાલુપ્રસાદ યાદવના 'રાજદ'માં બળવો કરાવવાનો પણ એમના પર આરોપ છે. કોંગ્રેસ તદ્દન હાંસિયે ધકેલાઈ ચૂકેલા પક્ષ છે અને એ લાલુપ્રસાદના ખભે ચડીને બંદૂક ફોડવાની આશા રાખે છે. ખરી લડાઈ ભાજપ અને જદ(યુ) વચ્ચે હોવા છતાં, લાલુ યાદવ પ્રત્યેની યાદવ સમાજની સહાનુભૂતિ કેવો રંગ લાવશે તે તો સમય જ કહેશે.

સેકટર-૭/સીમાં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૮

સેકટર-૭/સી પ્લોટ નં. ૮૮૯/૨માં શ્રીમતી ભાવનાબેન વિનોદકુમાર ગોકલાણીના સુરમધુર કંઠે આનંદનો ગરબો પ્લોટ નં. ૮૮૯/૨ શ્રીમતી પુલાબેનદિનેશભાઈ પટેલના ત્યાં બપોરે ૩.૦૦ કલાકે, ૧લી માર્ચના રોજ યોજાશે. પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

સેકટર-૨૯માં બીજીએ મફત રોગનિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨૮

નીકી મેટરનીટી હોમ, સેકટર-૨૯માં ૨૬મો મફત નિદાન કેમ્પ, તા. ૨ માર્ચના રોજ યોજાશે. જેમાં હાડકામાં કેલ્શિયમ તપા, વજન વધવાની સમસ્યાનું નિદાનને સારવાર માટે માર્ગદર્શન. દાંતના ડૉક્ટર દ્વારા માર્ગદર્શન, કેન્સરના દર્દીઓના લાભાર્થે રકતદાન કેમ્પ યોજાશે.

શહેર જાગૃતિ નાગરિક પરિષદની બેઠક સોમવારે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માર્ચ મહિનાની બેઠક તા. ૩જી માર્ચના રોજ સોમવારે સાડાચાર વાગે નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧માં પ્રમુખ લવજીભાઈ વાડિઆના અધ્યક્ષ સ્થાને મળશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

જલારામ સેવા સમાજ દ્વારા પ્રતિમાસ બુધવારે આયુર્વેદિક કેમ્પ

ગાંધીનગર, તા. ૨૮

શ્રી જલારામ સેવા સમાજના સહયોગથી જલારામ ધામ સેકટર-૨૯પ્રતિમાસ દર બુધવારે આયુર્વેદિક ફ્રી નિદાન કેમ્પ તથા રાહતદરે સારવાર કરી આપશે. ડાયાબીટીશ, પથરી, કમળો, માસીકની અનિયમિતતા, શર્દી, માથાનો દુખાવો, ચામડીના હઠીલા રોગો, બાળરોગોનું ફ્રી નિદાન કરી રાહત દરે સારવાર કરી આપવામાં આવશે.

રામેશ્વર મંદિરમાં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૮

સેકટર-૩/સીના મેલડી મંડળ અને કૃષ્ણ મંડળને ત્યાં શ્રીમતી મધુબેન કે. કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો બપોરે અઢી કલાકે યોજાશે. આનંદનો ગરબો રામેશ્વર મંદિરમાં યોજાશે.

ધોરણ-૧૨ પરીક્ષા દરમિયાન શિક્ષકોને ખાસ તાલીમ મળશે

ધોરણ ૧૨ સાયન્સના મુખ્ય પ્રશ્નોપત્રોની પરીક્ષાના દિવસ દરમિયાન જે તે વિષયના શિક્ષકોને ખાસ તાલીમ અપાશે

અમદાવાદ, તા.૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને ગેરરીતી કરતા અટકાવવા સીસીટીવી કેમેરા, ટેબ્લોઈડ જેવી તકનીક અપનાવ્યા પછી હવે શિક્ષકોને તાલીમ આપવાનું પણ નક્કી કરાયું છે. જેમાં ધોરણ-૧૨ સાયન્સના મુખ્ય ચાર પ્રશ્નપત્રોની પરીક્ષાનાં દિવસ દરમ્યાન જે તે વિષયનાં શિક્ષકોને તાલીમ આપવામાં આવશે. જેથી કરીને પરીક્ષા દરમિયાન શિક્ષકો શાળાએ હાજર રહીને પોતાને લાગતા વળગતા વિદ્યાર્થીઓને મદદ ન કરી શકે.

માર્ચ-એપ્રિલ મહિનામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સનાં બીજા અને ચોથા સેમેસ્ટરની બોર્ડની પરીક્ષા લેવામાં આવનારી છે. આ પરીક્ષા દરમિયાન સાયન્સના રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન અને ગણિત એમ મુખ્યચાર વિષયોની પરીક્ષા યોજવામાં આવશે. સાયન્સની પરીક્ષામાં ચોથુંસેમેસ્ટર છેલ્લું હોવાથી વિદ્યાર્થીઓ તેમાં વધારે માર્ક મેળવવા પૂરી ધગશથી મહેનત કરતા હોય છે. આવા સંજોગોમાં કોઈ વિદ્યાર્થી અનૈતિક રસ્તો અપનાવીને ગેરરીતી ન કરે તેટલા માટે ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા અવનવા પ્રયોગો અજમાવવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આજે બોર્ડની પરીક્ષા સાથે સંકળાયેલા અધિકારીઓ અને શિક્ષકોને તાલમ આપવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. માનવામાં આવી રહ્યું છે કે પરીક્ષાના પ્રશ્નપત્રના દિવસે જ જે તે વિષયનાં શિક્ષકોની તાલીમ ગોઠવવા પાછળનો હેતુ શિક્ષકો દ્વારા લાગવગ વાળા વિદ્યાર્થીઓને થતી કોઈપણ પ્રકારની મદદ અટકાવવાનો છે. આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનાં અધ્યક્ષ આર.આર. વરસાણીએ જણાવ્યું હતું કે ધોરણ-૧૧-૧૨ સાયન્સની બીજા-ચોથા સેમેસ્ટરની પરીક્ષા દરમિયાન તે વિષયની પરીક્ષા વખતે તે વિષયના શિક્ષકોને તાલીમ અપાશે. જેથી કરીને શિક્ષકો તેમના વિષયનાં પેપરમાં વિદ્યાર્થીઓને મદદ કરી શકે નહીં. ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષામાં તા. ૧૩ માર્ચે ફિઝિક્સ, ૧૫ માર્ચે કેમિસ્ટ્રી, ૧૮ માર્ચે મેથ્સ અને ૨૨ માર્ચે બાયોલોજી વિષયની પરીક્ષા લેવાશે. આ તારીખો એટલે કે દિવસો દરમિયાન તે વિષયના શિક્ષકોને જિલ્લાસ્તરે શૈક્ષણિક તાલીમ ભવનોમાં તાલીમ અપાશે. ધોરણ-૧૧ના બીજા સેમેસ્ટરની પરીક્ષામાં તારીખ ૨ એપ્રિલના કેમિસ્ટ્રી, ૪ એપ્રિલે બાયોલોજી, ૫ એપ્રિલે મેથ્સ, અને ૭ એપ્રિલે ફિઝિક્સની પરીક્ષા લેવામાં આવવાની છે ત્યારે આ દિવસે પણ જે તે વિષયનાં શિક્ષકની તાલીમ રખાઈ છે.

યુનિવર્સિટી કાર્યકારી રજીસ્ટાર બળદેવ પટેલનું અંતે રાજીનામું

ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટ અને બોર્ડ ઓફ વેલ્ફેરની ૨૨ બેઠકો પર મતદાન બાદ મતપેટીના સીલ મામલે વિવાદ થયો હતો. જેથી યુનિવર્સિટીએ મતગણતરી મોકૂફ રાખવાની ફરજ પાડી હતી. જો કે આ મામલે એબીવીપી દ્વારા યુનિવર્સિટીના રજિસ્ટાર બળદેવ પટેલ ઉપર દબાણ કરવામાં આવતાં આજે તેમને કાર્યકારી રજિસ્ટાર પદેથી રાજીનામુ ધરી દીધુ હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરમાં યોજાયેલ સેનેટ અને બોર્ડ ઓફ વેલ્ફેરની ચૂંટણીએ વિવાદના તમામ માપદંડો વટાવી દીધા હતા. ચૂંટણીમાં મતદાન દરમિયાન એરોમા કોલેજમાં આવેલ મતદાન કેન્દ્રની બહારથી બેલેટ પેપર મળી આવ્યું હતું. જેના લીધે વિદ્યાર્થી સંગઠનો એબીવીપી અને એનએસયુઆઈ વચ્ચે ઘર્ષણ થતા પથ્થરમારો અને લાઠીચાર્જ થયો હતો.

હરિની દૃષ્ટિ...

તમારે સેકન્ડ ઓપિનિયન લેવો છે, સરસ, આ લો મારી મમ્મીનો ફોન નંબર... હું પણ એનો જ લઉં છું...

૭૦ વધારે કોલેજોને કાયમી આચાર્ય નહીં મળે તેવી વકી

૪૦૦ એકેડેમિક પર્ફોમન્સ ઈન્ડેક્સ ફરજિયાત કરવાનો નિર્ણય કરાયો : ગ્રાન્ટેડ કોલેજોમાં ભરતીને લઈને ગૂંચવણ

અમદાવાદ, તા.૨૮

રાજ્યની વિવિધ યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિદ્યાશાખાની ગ્રાન્ટેડ કોલેજોમાં શિક્ષણ વિભાગના આદેશ મુજબ ખાલી પડેલ આચાર્યોની જગ્યાઓ ભરવાની છે જે મુજબ ૭૦થી વધુ કોલેજોમાં કાયમી આચાર્યની નિમણુંક કરવાની થાય છે. જો કે બીજીતરફ શિક્ષણ વિભાગે ૪૦૦ એકેડેમિક પર્ફોમન્સ ઈન્ડેક્સ ફરજિયાત કરવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે કોલેજોમાં આચાર્ય બનવા માટે ની લાયકાત ધરાવતા ઉમેદવારોની સંખ્યા ઓછી હોવાથી ગ્રાન્ટેડ કોલેજોમાં કાયમી આચાર્યની ભરતી થાય તેવી નહીવત શક્યતા છે. પ્રાપ્ત થતી માહિતી મુજજબ ગુજરાત યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, કચ્છ યુનિવર્સિટી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને સરદાર પટેલ યુનિવર્સિટી સાથે સંકળાયેલ કુલ ૩૬૫ જેટલી ગ્રાન્ટેડ કોલેજો રાજ્યમાં આવેલી છે. આ કોલેજો પૈકી ૭૦થી વધુ કોલેજોમાં કાયમી આચાર્યની જગ્યા ખાલી છે ત્યારે આ ગ્રાન્ટેડ કોલેજોમાં ખાલી પડેલી આચાર્યની જગ્યાઓ રવા માટે શિક્ષણ વિભાગ દ્વારા પરીપત્ર જાહેર કરીને આદેશ અપાયો છે જો કે બીજી તરફ શિક્ષણ વિભાગે કોલેજોના આચાર્ય બનવા માટે ૪૦૦ એકેડેમિક પર્ફોમન્સ ઈન્ડેક્સ ફરજિયાત બનાવી દીધા છે. જેના કારણે આ કોલેજોમાં આચાર્ય બનવા માટેની લાયકાત ધરાવતા ઉમેદવારો ન હોવાથઈ તેમની ભરતી થશે કે કેમ તે બાબતે આશંકા વ્યક્ત કરાઈ રહી છે. આ અંગે ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ સિન્ડીકેટ સભ્ય મનિષ દોષીએ જણાવ્યું હતું કે ૧૯૯૮થી કોલેજમાં કાયમી ભરતી કરાઈ નથી. રાજ્યના ૨૬ જિલ્લામાંથી ૨૦ જિલ્લાઓનો સમાવેશ શૈક્ષણિક રીતે પછાત જિલ્લામાં થાય છે. તેવા સમયમાં સરકાર કાયમી ભરતી કરવાની જગ્યાએ ભરતી ન કરવી પડે તે માટે નવા નવા નિયમો બનાવવામાં આવી રહ્યા છે.

ગુજરાતના યુવા વાચકોના મંતવ્યો થકી ગુજરાત પાક્ષિકને વધુ સચોટ માહિતીસભર બનાવાશે : ભાગ્યેશ જહા

સરકારી વિનયન કોલેજ - ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓ સાથે ગુજરાત પાક્ષિક વિશે ચર્ચા-ગોષ્ઠિ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત સરકારનું મુખપત્ર ગુજરાત પાક્ષિકને વધુ માહિતી સભર અને વાચનલક્ષી બનાવવા માટે આજે ગાંધીનગર ખાતે માહિતી કમિશનરશ્રી ભાગ્યેશ જહા અને

સરકારી વિનયન કોલેજના વિદ્યાર્થીઓ સાથે જીવંત ચર્ચા-ગોષ્ઠિ યોજાઈ હતી ચર્ચા સભામાં ઉપસ્થિત અલગ અલગ છ ગ્રૂપોએ ગુજરાત પાક્ષિકના લખાણ, વિષયો, જાગૃતિ સરકારી યોજનાઓ વગેરે વિશે યુવાઓ શું વિચારે છે, તેમની -તિક્રિયાઓ શું છે તે પામવાનો આશય અને પાક્ષિકને વધુ લોકભોગ્ય અને માહિતી-દ કેવી રીતે બનાવી શકાય તે અંગે પોતાના વિશે મંતવ્યો રજૂ કર્યા હતા.

યુવા-સાંસ્કૃતિક વિભાગના સચિવ અને માહિતી કમિશનરશ્રી ભાગ્યેશ જહાએ યુવાનો સાથે સંવાદ કરતાં સરળ શૈલીમાં જણાવ્યું હતું કે ગુજરાતના યુવાનોના સર્જનાત્મક મંતવ્યો - સૂચનો થકી ગુજરાત પાક્ષિકને વધુને વધુ સચોટ અને માહિતી સભર બનાવવાના -યાસ કરાશે. રાજયના છેવાડાના નાગરિક સુધી સરકારની -જાલક્ષી યોજનાઓ સરળ અને ઝડપી કેવી રીતે પહોંચે તે માટે માહિતી ખાતુ હંમેશા -યત્નશીલ છે. ડિઝીટલ ગુજરાતમાં આજના યુવાનો પણ કોમ્યુનિકેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરતા થયા છે તે ખૂબજ આનંદની વાત છે. આજના સ્પર્ધાત્મક યુગમાં ભાષાના માધ્યમ કરતાં સ્કીલની જરૂરીયાત વધુ છે. જીવનમાં સફળતા મેળવવા દરેક કામ પોતાનું કેમ ન હોય તેવું સ્વામિત્વ કેળવવું ખૂબજ અગત્યનું છે. વિવિધ ગ્રુપ લીડરોએ ગુજરાત પાક્ષિકમાં આવેલા ખાસ લેખ, યોજનાઓ અને નવીન વિકાસના આયામોની વિગતો અને ઝીણવટ ભર્યા વાચન બાદ માહિતી કમિશનરશ્રી જહાએ -શંસા કરીને તેમના મંતવ્યો સ્વીકાર્યા હતા.

પાક્ષિક વિશેના વિવિધ વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓના મંતવ્યોમાં ગુજરાતના આધુનિક વિકાસની વાત જેવી કે સાબરમતી રીવરફ્રન્ટ, બી.આર.ટી.એસ., મધ્યમવર્ગોના લોકો માટે ઘરનાઘરનું સ્વપ્ન સાકાર કરવા માટે મુખ્યમંત્રીશ્રી ગૃહ યોજના, મુસ્લિમો ઉદ્યોગ સાહસિકતા નવીન માર્ગો, મહિલા સશકિતકરણ, સખી મંડળો, મહિલા સુરક્ષા માટે અભયમ્ હેલ્પલાઈન, સોશિયલ મિડિયાની ભૂમિકા, સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રે ગુજરાતનું -દાન તેમજ ગુજરાતનો વિકાસ મંત્ર સૌનો સાથ સૌનો વિકાસને સાર્થક કરવા રાજય સરકારના વિકાસ લક્ષી -યાસોની વાત રજૂ કરી હતી.

ગુજરાત ેસ અકાદમીના સચિવશ્રી પુલકભાઈ ત્રિવેદીએ કહ્યું હતું કે આજના યુવાનો સાથેનો સંવાદ પાક્ષિક માટે વિકાસનું પગથિયું સાબિત થશે. ગુજરાતના યુવાનો પણ ટુ વે થી વિચારતા થાય તે ખૂબજ જરૂરી છે. આજની ગોષ્ઠિ મનનો જમણવાર-બૌધ્ધિક કસરત છે. શ્રી ત્રિવેદીએ સમગ્ર ચર્ચા સત્રનું શબ્દોની આરાધના સાથે સફળ સંચાલન કર્યું હતું.

અગ્રણી પત્રકાર શ્રીકિશોર મકવાણાએ જણાવ્યું હતું કે ગુજરાત પાક્ષિકને વધુમાં વધુ લોકો સુધી લઈ જવા આજના યુવાનો- વાંચકો સાથેની ચર્ચા ખૂબ જ મહત્વરૂપ સાબિત થશે.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના સુવર્ણજયંતિ ઉજવણીનો સમાપન સમારોહ યોજાશે

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલ શનિવાર તા. ૧ માર્ચ-૨૦૧૪ના મહાત્મા મંદિર ખાતે યોજાનારા બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના સુવર્ણજયંતિ ઉજવણીના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના યજમાન પદે આયોજિત બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના આ સુવર્ણજયંતિ ઉજવણી સમાપન સમારોહમાં સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધિશશ્રીઓ, વિવિધ રાજયોની વડા અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીઓ તેમજ અગ્રણી કાયદાવિદો પણ ઉપસ્થિત રહેવાના છે.

ગાંધીનગરમાં પુસ્તક પર યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

માતૃભાષા અભિયાન અંતર્ગત પુસ્તકોની પરબનો માર્ચ મહિનાનો કાર્યક્રમ તા. ૨-૩-૨૦૧૪ને રવિવારે સવારના ૭.૩૦થી ૯.૩૦ દરમિયાન ઘ-૪ સર્કલ, ઉદ્યોગભવન સામે યોજાનાર છે. આ પુસ્તક પરબમાં કોઈપણ વ્યક્તિ નિઃશુલ્ક પુસ્તકો ભેટમાં આપી શકે છે. આવાં પુસ્તકોનું વાંચનપ્રેમી લોકોને નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. પુસ્તક પરબની મુલાકાતે આવનાર વાચક-ભાવક પોતાને ગમતાં પુસ્તક કાયમ માટે લઈ જઈ શકે છે. પુસ્તકોની આપ-લેની નોંધ રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓ, યુવા-યુવતીઓ, વડીલોને સારા સાહિત્યના વાંચન તરફ પ્રોત્સાહિત કરવાની ભાવના સાથે, માતૃભાષાનું ગૌરવ જળવાય તે હેતુથી આ પરબ યોજવામાં આવે છે.

પુસ્તક પરબના આ ત્રીજા કાર્યક્રમમાં સહભાગી થવા ગાંધીનગરના ભાવકોને નિમંત્રણ છે. ગાંધીનગરમાં આ પુસ્તક પરબ તા. ૨જી માર્ચને રવિવારે સવારે ૭.૩૦થી ૯.૩૦ દરમિયાન યોજાશે. વધુ માહિતી માટે સર્વશ્રી રાજેન્દ્ર પટેલ૯૩૨૭૦૨૨૭૫૫, મનિષપાઠક ૯૮૨૫૦ ૪૬૬૮૪ અને સ્થાનિક માહિતી માટે પ્રજ્ઞા પટેલ ૯૮૨૫૪ ૩૮૩૯૪નો સંપર્ક કરવા વિનંતી છે.

જાણીએ ઈવીએમ- ઈલેકટ્રોનિક વોટિંગ યંત્ર વિશે

દેશના લોકશાહી માળખાના જતન માટે મુક્ત અને ન્યાયી ચૂંટણીખૂબ જ મહત્વની છે. તેના માટે ન્યાયી, ચોકસાઈભરી, પારદર્શક ચૂંટણી પ્રક્રિયા પણ એટલી જ અગત્યની છે. થતું રહેતું પરંપરાગત મતદાન જ આ બધા ધ્યેયોને હાંસલ કરવાનું સાધન છે. જો કે બુથ કેપ્ચરિંગ અને બોગસ વોટિંગ જેવી ખરાબીઓ ચૂંટણી આધારિત લોકશાહીને દુષિત કરી શકે છે. ન્યાયી અને મુક્ત ચૂંટણીઓ સંભવ બનાવવા જ ભારતનું ચૂંટણી પંચ ચૂંટણી પ્રક્રિયામાં સુધારા કરે છે. પારદર્શક ચૂંટણી સંભવ બને તે હેતુસર જ જાહેર ક્ષેત્રના બે એકમો - ભારત ઈલેકટ્રોનિક્સ લિમીટેડ, બેંગ્લોર અને ઈલેકટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમીટેડ - હૈદરાબાદના સહયોગથી ઈવીએમ સંચંત્ર તૈયાર કરવામાં આવ્યું હતું.

૧૯૯૯ની ચૂંટણીથી અંશતઃ ધોરણે ઈવીએમ મશીનનો ઉપયોગ શરૂ થયો હતો અને ૨૦૦૪ થી તો સંપૂર્ણપણે આ યંત્રનો ઉપયોગ શરૂ થયો હતો. ઈવીએમ મશીનના ઉપયોગને પગલે બોગસ વોટિંગ અને બુથ કેપ્ચરિંગ જેવી ઘટનાઓમાં ઘટાડો સંભવ બન્યો છે.

મશીનને કારણે મતદાનની પ્રક્રિયા ઝડપી થવા સાથે પરિણામોની જાહેરાત પણ ઝડપી થઈ છે. વિશેષ લેખ સામાન્ય ચૂંટણી-૨૦૧૪ નિરક્ષરલોકો પણ મતદાન પત્રના મુકાબલે ઈવીએમ મશીનનો ઉપયોગ આસાનીથી કરી શકે છે. મતપેટીઓના મુકાબલે ઈવીએમ યંત્રનું પરિવહન પણ સરળ છે.

'ઈવીએમ.' તે વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં યોજાતી ચૂંટણીનું પ્રતિક બની રહ્યું છે. ઈવીએમ.નો પ્રત્યેક અવતાર સચોટ બનતો જાય છે. આપણે અહીં આપણા દેશમાં ઈવીએમના ઉપયોગની તવારીખ પર નજર નાંખીએ.



- ૧૯૮૨માં કેરળની પારૂર વિધાનસભા બેઠકની ચૂંટણીમાં ૫૦ મતદાર મથકો ખાતે ઈવીએમ મશીનનો ઉપયોગ શરૂ થયો હતો.

-ચૂંટણીમાં આ મશીનના ઉપયોગ માટેનું કાયદાકીય સમર્થન જરૂરી હોવાનું કહેતા સુપ્રીમ કોર્ટે ચૂકાદો આપતાં ૧૯૮૩ પછી આ યંત્રનો ઉપયોગ થઈ શક્યો નહોતો. ડિસેમ્બર, ૧૯૮૮માં સંસદે આ અંગેના કાયદાઓમાં જરૂરી સુધારાને મંજૂરી આપી હતી. સુધારાને પગલે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧માં નવી કલમ ૬૧(એ) ઉમેરવામાં આવતી હતી. આ સુધારાને પગલે ચૂંટણી પંચને મતદાનમાં ઈવીએમના ઉપયોગની સત્તા પ્રાપ્ત થઈ હતી. સુધારેલી જોગવાઈ ૧૫ માર્ચ, ૧૯૮૯થી અમલમાં આવી હતી.

- ઈ.વી.એમ.ના ચૂંટણીમાં ઉપયોગ અંગેનો મુદ્દો ભારત સરકારે ચૂંટણી સુધારા સમિતિને સોંપ્યો હતો. ફેબ્રુઆરી, ૧૯૯૦માં કેન્દ્ર સરકારે આ સમિતિની રચના કરી હતી. માન્ય રાષ્ટ્રીય અને રાજ્યના માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને સ્થાન આપવામાં આવ્યું હતું.

- આ સંબંધમાં ભારત સરકારે એક નિષ્ણાત સમિતિની પણ રચના કરી હતી. જેમાં ડી.આર.ડી.ઓ.ના તત્કાલિન અધ્યક્ષ પ્રો. એસ. સંપથ, આઈઆઈટી દિલ્હીના પ્રોફેસર પી.વી. ઈન્દરસન અને ઈલેકટ્રોનિક રીસર્ચ ડેવલપમેન્ટ, બ્રિવેન્દ્રમના નિયામક ડૉ. સી. રાવ કસરદાદાનો સમાવેશ થતો હતો. સમિતિએ તારણમાં જણાવ્યું હતું કે ઈ.વી.એમ. યંત્ર સાથે કોઈ ચેડા થઈ શકે તેમ નથી.

- ૨૪ માર્ચ, ૧૯૯૨ના રોજ કાયદા અને ન્યાય મંત્રાલયે ચૂંટણી આયોજન નિયમ, ૧૯૬૧માં થયેલા જરૂરી સુધારા અંગેનું જાહેરનામું બહાર પાડ્યું હતું.

- ડિસેમ્બર, ૨૦૦૫માં ચૂંટણી પંચે ફરી તકનીકી નિષ્ણાત સમિતિની રચના કરી હતી. સમિતિમાં પ્રોફેસર પી.વી. ઈન્દરસન, પ્રોફેસર ડી. ટી. સહાની, પ્રોફેસર એ. કે. અગરવાલનો સમાવેશ થતો હતો. ચૂંટણીમાં ઉપયોગ લેતાં પહેલાં નવા તૈયાર થયેલા ઈ.વી.એમ. મશીનની સમીક્ષાની કામગીરી તેમને સોંપવામાં આવી હતી.

- નવેમ્બર, ૧૯૯૮થી સંસદ કે વિધાનસભાની તમામ સામાન્ય અને પેટા ચૂંટણીમાં ઈ. વી. એમ. મશીનનો ઉપયોગ શરૂ થયો હતો. વર્ષ ૨૦૦૪માં યોજાયેલી સામાન્ય ચૂંટણી ભારત માટે ઈ-ડેમોક્રસી. બની રહી હતી. વર્ષ ૨૦૦૪માં દેશભરના મતદાર કેન્દ્રમાં ૧૦.૭૫ લાખ ઈ. વી. એમ. યંત્રનો ઉપયોગ થયો હતો. બસ, ત્યારથી દેશભરમાં ઈ.વી.એમ. મશીનનો સંપૂર્ણપણે ઉપયોગ શરૂ થયો છે.

ઈ.વી.એમ.ની લાક્ષણિકતા :

- ઈ.વી.એમ. મશીનનો ઉપયોગ સદંતર સરળ છે. અને તેની સાથે ચેડા સંભવ નથી.

- ઈ.વી.એમ. કંટ્રોલ યુનિટને સંચાલિત રાખનારા પ્રોગ્રામને માઈક્રો ચીપ.માં બર્ન કરી દેવામાં આવેલો છે. જેથી તે પ્રોગ્રામને વાંચી શકાય તેમ નથી, નકલ થઈ શકે તેમ નથી કે તેમાં ફેરફાર થઈ શકે તેમ પણ નથી.

- મત ગણતરી ઝડપી બને છે અને પ્રિન્ટીંગ ખર્ચ બચે છે.

- ઈ.વી.એમ આલ્કેલાઈન બેટરી સંચાલિત હોવાથી વીજપુરવઠો ના હોય તેવા વિસ્તારમાં પણ તેનો ઉપયોગ સંભવ છે.

**- ઉમે